# મનની માવજત જીવનને વ્યસ્ત અને મસ્ત રહેતા શીખવાડે છે

## કલ્ચરલ ફોરમના રજત જયંતિ વર્ષ નિમિત્તે પ્રસન્નતા વિષય ઉજવણી અંતર્ગત સમાપન કાર્યક્રમમાં ઉપસ્થિત બંને વક્તાઓએ ગુજરાતી સાહિત્યના લેખક અને કવિઓને યાદ કરી તેમની વાતો કંડારી-મનને પ્રસન્ન રાખવાની ચાવી સાથે વ્યસ્ત રહેવુ પણ મસ્ત રહેવુ વિષય ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા

*ગાંધીનગર કલ્ચરલ ફોરમના રજત જયંતિ વર્ષ અન્વયે આયોજીત પ્રસન્નતા પર્વની ઉજવણી સંદર્ભે બે દિવસીય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ વક્તાઓ દ્વારા પ્રસન્ન રહેવા માટેના માર્ગ સાથે વ્યસ્ત રહેવુ મસ્ત રહેવુ તથા પ્રસન્ન દાંપત્યજીવન જેવા વિષય ઉપર તેમના વિચારો રસપ્રદ શૈલીમાં રજૂ કરાયા હતા. આ ઉપરાંત પૂર્વ સંધ્યાએ સમય સાથે સેલ્ફી ખેલદિલ સંબંધોના દરિયાદિલ ગીતોનો કાર્યક્રમ પણ યોજાયો હતો.*






### ખાલી વ્યસ્ત હોય ને મસ્ત ન હોય તેમ ન ચાલે - ભાગ્યેશ જહા



વ્યસ્ત રહેવુ મસ્ત રહેવુ વિષય પર જાણીતા કવિ, સર્જક અને વક્તા ભાગ્યેશ જહાએ જણાવ્યું હતું કે, ખાલી વ્યસ્ત હોય ને મસ્ત ન હોય તેમ ન ચાલે. અમુક અગ્નિ સંસ્કાર વગરની લાશ હોય છે એટલે હસ્તા રહેવુ.

- તમારે મનથી નક્કી કરવાનું છે કે જીંગદી કેવી રીતે જીવવી છે ?
- વ્યસ્ત રહેવુ હોય તો કારણસર વ્યસ્ત રહેવુ. વિશિષ્ટ રીતે વ્યસ્ત રહેવુ હોય તો રહો પણ આમ કારણ વગર વ્યસ્ત રહીને પરાહસ્ત ન થવું જોઈએ.
- માણસે હળવા ફૂલ રહેતા શીખવું પડે.
- જીવનમાં તમે સિન્સિયર રહી શકો પણ સીરીયસ ન રહેવુ.
- તમે રોકાવેલા નહી રોપાયેલા રહો.
- મસ્ત રહેતા અચાનક નથી જ આવડતુ.
- મસ્ત એટલે હસમુખો, મોજીલો, આનંદમાં રહેતો માણસ.
- મનની માવજત જીવનને વ્યસ્ત અને મસ્ત રહેતા શીખવાડે છે.
- આનંદની સ્થિતિ એ મસ્તીનું સરનામુ છે.
- જે પ્રશંસાને ઓળખી શકે તે ટીકાને ઓળખી શકે.
- વ્યસ્ત અને મસ્ત રહેવુ એટલે નેચરલ (નોર્મલ) રહેવું.

### મન એ જીવનનું દર્પણ છે - જયનારાયણ વ્યાસ



મન પ્રસન્ન તો જીવન પ્રસન્ન વિષય પર જાણીતા વિચારક અને વક્તા જયનારાયણ વ્યાસે સુંદર પ્રાર્થના સાથે જણાવ્યું હતું કે

- તમે સદેવ પ્રસન્ન રહી શકો તેનુ નામ જીવન, સદેવ પ્રસન્ન રહેવુ શક્ય નથી તે વાસ્તવિકતા.
- મન એ અગોચર પ્રદેશ છે જેમાં ડૂબકી મારીએ તો પણ આપણે આપણી જાતને સમજી શકતા નથી.
- જો સફળ થવુ હોય તો મનને જીતવુ પડે, જો મન કાબૂમાં નથી તો કશુ જ થતુ નથી.
- મન પ્રસન્ન રાખવુ હોય તો ભેદભાવને સાફ કરો ભૂલ ને માફ કરો.
- કાઈ લૂંટાઈ જવાનું છે તેવી ભાવના સાથે જીવવું નહિ.
- સત્તા એ છે જે તમારી સાથે રહે છે જે સાથે ચાલે છે.
- માન અને આબરૂ જેટલુ આપો તેટલુ જન્મ લે છે.
- મનમાં મજા આવે તે કામ જ કરવુ.
- લક્ષ્મી ઈશ્વર દત્ત છે સારા અને સાચા માર્ગે આવે તો તે તમારૂ કલ્યાણ કરે છે.
- લક્ષ્મી સાથે આવતી સત્તા અભિમાન સાથે આવે તો સર્વનાશ થાય છે.

### ● સકારણ સહેતુક પ્રસન્નતા લાંબી ટકતી નથી

કાર્યક્રમના અંતમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ દરેકનો આભાર વ્યક્ત કરતા કહ્યુ હતુ કે, પ્રસન્નતા પર્વનો ઉદ્દેશ પદ અને પ્રતિષ્ઠા વગર કોઈ જીવી શકતુ નથી તે દૂર કરવાનું છે. આ ઉપરાંત ગાંધીનગરને ભારણમાંથી મુક્ત કરવું તે છે. તેમણે આ પર્વમાં ઉપસ્થિત રહેલ વક્તાઓનો આભાર માન્યો હતો તથા જયનારાયણભાઈ વ્યાસ અને ભાગ્યેશભાઈ માટે રાજીપો વ્યક્ત કર્યો હતો.

બે દિવસીય સમગ્ર કાર્યક્રમનું સંચાલન હિરેનભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. મંચ સજાવટ દીપક ભટ્ટ અને શાંતિલાલ ઘોઘારી દ્વારા તથા આયોજનમાં ઉપાધ્યક્ષ પ્રકાશ લાલા, મહેન્દ્ર ગજ્જર, રાજેશ શાહ, પિયુષભાઈ દવે ઉપરાંત ભાવિન પટેલ, આરતીબેન ભટ્ટ, મનોજ જોષી, સી.એલ. મહેતા, મમતાબેન રાવલ, ડૉ. ચેતના બુચ, ભરતભાઈ દવે, આશાબેન સરવૈયા, જયરાજસિંહ સરવૈયા, નિષ્ઠાબેન જોષી, કિન્નરીબેન દવે, ડૉ. પંકજ દેસાઈ, બિપીન રાવલ, અતુલ અમીન, કાર્તિક પટેલ, જયેશ પંચોલી, રાજન શાહ, ઉદય બ્રહ્મભટ્ટ, પ્રકાશ શાહ, ઉરેન પટેલ, મુંજાલ રાવલ, કિન્નર ઝવેરી, ડૉ. રમેશ પટેલ તથા સંસ્થાના સર્વે સભ્યોનો નોંધપાત્ર ફાળો રહ્યો હતો.




# સોશ્યલ સાઈટ ટ્વિટર ઉપર ૨.૪ મિલિયન ફોલોઅર્સ સાથે રૂપાણી નંબર વન, કેબિનેટ મંત્રીઓ ઘણાં પાછળ

## ફરી સોનિયા આવ્યા-- પાંચ રાજ્યોમાં ચૂંટણી જીતવી એ કોંગ્રેસ માટે કપરાં ચઢાણ છે

## કહાં ગયે વો આંદોલનકારી યુવા નેતા- ના ના કરતે પોલિટીકલ પાર્ટી સે પ્યાર કર બૈઠે

## ફેરબદલની મોસમ આવે છે-- ધ્વજવંદન પછી ક્યા ઓફિસર ક્યાં હશે તે શોધવું પડશે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

સોશ્યલ સાઈટ ટ્વિટર પર સૌથી વધુ લોકપ્રિય એટલે કે સૌથી વધુ ફોલોઅર્સ જેમના છે તે મુખ્યમંત્રી વિજય રૂપાણીના છે. તેઓ ૨.૪ મિલિયન ફોલોઅર્સ સાથે પ્રથમ ક્રમે છે, જો કે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કરતાં ઘણાં પાછળ છે. નરેન્દ્ર મોદીના ફોલોઅર્સની સંખ્યા ૪૯.૨ મિલિયન થઈ છે જ્યારે પીએમઓ ઈન્ડિયાની સંખ્યા ૧૯.૯ મિલિયન છે. અમિત શાહ ૧૪.૭ મિલિયન ફોલોઅર્સ ધરાવે છે. રાજ્યમાં રૂપાણી સરકારના સિનિયર મંત્રીઓ હજી સુધી મિલિયન સુધી પહોંચી શક્યા નથી. કેબિનેટ મંત્રીઓમાં ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા ૩,૧૦,૨૦૦, પ્રદિપસિંહ જાડેજા, ૧,૪૮,૦૦૦, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ૫૩,૧૦૦, સૌરભ પટેલ ૪૮,૭૦૦, આરસી ફળદુ ૩૭,૬૦૦ અને કુંવરજી બાવળિયા માત્ર ૨૩૨૧ ફોલોઅર્સ ધરાવે છે. ભાજપના પાર્ટી પ્રમુખ જીતુ વાઘાણીના ૩,૩૬,૦૦૦ અને પ્રદેશ ભાજપના એક મિલિયન ફોલોઅર્સ છે. બીજી તરફ કોંગ્રેસનો કંગાળ દેખાવ છે. વિપક્ષના નેતા પરેશ ધાનાની ૩૧૭૦૦ અને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા ૨૧૯૦૦ ફોલોઅર્સ ધરાવે છે. કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલ ૧,૫૯,૨૦૦ અને અર્જુન મોઢવાડિયા ૧,૯૨,૯૦૦ ફોલોઅર્સના માલિક છે. પ્રદેશ કોંગ્રેસ પાસે ૧,૨૬,૦૦૦ ફોલઅર્સ છે. કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ રાહુલ ગાંધી હજી ૧૦.૩ મિલિયન સુધી પહોંચ્યા છે જ્યારે અહમદ પટેલ ૭,૪૯,૦૦૦ ફોલોઅર્સના માલિક છે. કોંગ્રેસના નેતાઓ કેમ લોકપ્રિય નથી તે આ પેરામીટર્સ પરથી માલૂમ પડે છે.

**ધ્વજવંદન કર્યા પછી વહીવટમાં ફેરબદલ...**

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી હાલ વિદેશના પ્રવાસે છે ત્યારે રાજ્યના વહીવટી તંત્રમાં ફેરફારો હવે ૧૫મી ઓગષ્ટ પછી થવાનું નિશ્ચિત માનવામાં આવે છે. રૂપાણી સ્વતંત્રતા દિનની ઉજવણી કર્યા પછી ઓફિસરોમાં બદલાવ કરે તેમ મનાય છે. રાજ્યમાં હાલ ૧૮ મહત્વની જગ્યાઓ એવી છે કે જ્યાં વધારાના ચાર્જ સાથે ઓફિસરો કામ કરે છે. રાજ્યના મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમાર ગૃહ વિભાગનો પણ હવાલો સંભાળે છે. મુખ્યમંત્રીના અગ્રસચિવ એમકે દાસ પાસે ઉદ્યોગ વિભાગનો ચાર્જ છે. એ ઉપરાંત મનોજ અગ્રવાલ, સંજીવકુમાર, મુકેશકુમાર, સુજીત ગુલાટી, પંકજ જોશી, સોનલ મિશ્રા, મમતા વર્મા, શાલિની અગ્રવાલ, પી ભારતી અને ધનંજય દ્વિવેદી પાસે પણ વધારાના હવાલા છે. રાજ્યમાં હાલ મહેકમ કરતાં ૬૫ આઈએએસ અધિકારીઓની ઘટ છે જ્યારે ૨૫ ઓફિસરો ડેપ્યુટેશન પર રાજ્ય બહાર ફરજ બજાવે છે. ઘણાં લાંબા સમયથી ગુજરાતના વહીવટી તંત્રમાં ફેરબદલ થઈ નથી તેથી આ વખતે જે લિસ્ટ બન્યું છે તે ખૂબ લાંબુ છે. તબક્કાવાર થનારી બદલીના ઓર્ડરમાં જિલ્લા કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ, મ્યુનિસિપલ કમિશનરો, બોર્ડ-કોર્પોરેશનના મેનેજીંગ ડીરેક્ટરો, સચિવાલયના વિભાગોના સિનિયર અધિકારીઓ, જિલ્લાના પોલીસ વડા અને સિનિયર આઈપીએસ અધિકારીઓનો સમાવેશ થાય છે. સચિવાલયમાં ચર્ચા છે કે ધ્વજવંદન કર્યા પછી સરકારમાં ક્યા ઓફિસર ક્યાં હશે તે શોધવું પડશે.

**પાંચ રાજ્યો સર કરવા સોનિયા માટે કઠીન...**

કોંગ્રેસમાં ઈન્ટ્રીમ પ્રેસિડેન્ટ તરીકે ફરીથી ગાંધી પરિવારના સોનિયા ગાંધીની વરણી થઈ છે ત્યારે તેમની કસોટી આવનારી વિધાનસભાની ચૂંટણીઓમાં થવાની છે. કોંગ્રેસનો ગાંધી પરિવાર સિવાય ઉદ્ધાર નથી, કેમ કે બળતું ઘર લેવા માટે પાર્ટીના બીજા સિનિયર નેતાઓ તૈયાર થયા નથી અથવા તો તૈયાર થાય તો એક નહીં અનેક પ્રેસિડેન્ટની લાઈનમાં જોડાઈ જાય તેમ છે. કોંગ્રેસને અસ્તાચળ ભણી બચાવવા માટે સીડબલ્યુસીની બેઠકમાં અત્યારે તો સોનિયા ગાંધી ઉપર કળશ ઢોળવામાં આવ્યો છે, કારણ કે રાહુલ ગાંધીએ અનેક વખત પાર્ટી પ્રેસિડેન્ટ પદે રહેવાનો ઈન્કાર કર્યો છે. સોનિયા ગાંધી માટે પહેલી કસોટી હરિયાણા (૯૦) અને મહારાષ્ટ્ર (૨૮૮) વિધાનસભાની ચૂંટણીમાં થવાની છે. આ બન્ને રાજ્યોની ચૂંટણી બે મહિનામાં જ જાહેર થાય તેવી સંભાવના છે. ઝારખંડ (૮૧) અને પોંડીચેરી (૩૦) વિધાનસભાની મુદત જાન્યુઆરી ૨૦૨૦માં પૂરી થવાની છે ત્યારે તેની ચૂંટણી પણ નવેમ્બર કે ડિસેમ્બર ૨૦૧૯માં આવી શકે છે. આ પછી દિલ્હી (૭૦) વિધાનસભાની ચૂંટણી આવશે, કારણ કે ફેબ્રુઆરી ૨૦૨૦માં વિધાનસભાની મુદત પૂર્ણ થાય છે. પાંચ રાજ્યો હસ્તગત કરવા એ કોંગ્રેસ માટે કપરાં ચઢાણ એટલા માટે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે જમ્મુ અને કાશ્મીરમાં ૩૭૦ની કલમ દૂર કરવાના લીધેલા પગલાંના કારણે દેશની જનતામાં ખુશાલીનો માહોલ છે.



**ખેલ મહાકુંભ-- હવે શરૂ થાય છે ખેલે ગુજરાત...**

ગુજરાતમાં ખેલ મહાકુંભની ૨૦૧૯ની સ્પર્ધાઓમાં ૫૦ લાખ ખેલાડીઓનું રજીસ્ટ્રેશન કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે જે ગયા વર્ષ કરતાં આઠ લાખ વધુ હશે. રાજ્ય સરકારના રમત ગમત વિભાગે આ વર્ષે વધુ ત્રણ રમતો રોલબોલ, ઘોડેસવારી અને બ્રીજની રમતને ઉમેરી છે. મોદીએ જ્યારે ૨૦૧૦માં ખેલ મહાકુંભ જાહેર કર્યો હતો ત્યારે ખૂબ ઓછા રમતવીરોએ ભાગ લીધો હતો પરંતુ ૨૦૧૪થી ખેલાડીઓનું રજીસ્ટ્રેશન વધતું ગયું છે. ૨૦૧૮ના છેલ્લા મહાકુંભ વખતે ૪૨.૯ લાખ ખેલાડીઓનું રજીસ્ટ્રેશન હતું અને ૩૫.૪૪ લાખ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા-મહાનગર કક્ષાએ વિવિધ રમતો રમાડવામાં આવશે અને રાજ્યકક્ષાની સ્પર્ધા ઓક્ટોબર-નવેમ્બરમાં થવાની છે. આ વખતે કુલ ૩૬ રમતો નક્કી કરવામાં આવી છે. રાજ્ય કક્ષાના આયોજન માટે રમત દીઠ ભાઈઓ અને બહેનો માટે બે-બે લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. રમતવીરોને માનદ વેતન, પ્રવાસ, નિવાસ અને ભોજનની ગ્રાન્ટ અગલથી ફાળવવામાં આવશે. રાજ્ય કક્ષાની સ્પર્ધાના પ્રથમ, દ્વિતિય અને તૃતિય વિજેતાઓને ઓનલાઈન પ્રમાણપત્ર તેમજ ટ્રેકશૂટ અને મેડલ સ્પર્ધાના સ્થળે આપવામાં આવશે.

**રાજ્યમાં આંદોલનકારી ત્રિપુટી ખોવાઇ ગઇ છે...**

ગુજરાતમાં એક સમયે જેમનો વટ હતો અને લોકો જેમની પાછળ ભાગતા હતા તેવા ત્રણ સમાજના યુવા નેતાઓ— હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જીજ્ઞેશ મેવાણી ખોવાઈ ગયા છે. વિધાનસભામાં જોર કર્યા પછી લોકસભાની ચૂંટણીમાં જોર કર્યું પણ કામ ન લાગ્યું તેવા આ ત્રણેય યુવા નેતાઓ બન્ને પાર્ટીમાં વહેંચાઈ ગયા છે. ત્રણેય નેતાઓએ કહ્યું હતું કે અમે કોઈપણ પોલિટીકલ પાર્ટી જોઈન્ટ કરવાના નથી છતાં ચૂંટણી આવતા લાલચ રોકી શક્યા નહીં. અલ્પેશ ઠાકોરે કોંગ્રેસનો હાથ પકડ્યો અને જીજ્ઞેશ મેવાણીને કોંગ્રેસનો ટેકો મળ્યો, જ્યારે હાર્દિક પટેલને અદાલતમાં કેસ હોવાથી ચૂંટણી લડવાની તક મળી નહીં. લોકસભાની ચૂંટણી પહેલાં હાર્દિક પટેલ અને ચૂંટણી પછી અલ્પેશ ઠાકોર ભાજપમાં જોડાઈ ગયા છે. હાર્દિક પટેલ ટકી રહે તો તેના માટે કોંગ્રેસમાં મોટા થવાનો ચાન્સ છે પરંતુ ભાજપ જો સરકારમાં સ્થાન નહીં આપે તો અલ્પેશ ઠાકોરની રાજકીય કારકિર્દીનો અંત આવી શકે છે. આ ત્રણેય યુવા નેતાઓ પૈકી હાર્દિક પટેલ પાટીદાર અનામત આંદોલનના કારણે ફેમસ થયો હતો. અલ્પેશ ઠાકોર તેના ઠાકોર-ઓબીસી સેનાના કારણે લોકપ્રિય બન્યો હતો જ્યારે જીજ્ઞેશ અનુસૂચિત જાતિના વિકાસ માટે ઝઝૂમી રહ્યો છે. ગુજરાતમાં અનુસૂચિત જાતિ પર થઈ રહેલા અત્યાચારો સામે તે લડત આપી રહ્યો છે. ભાજપની સરકારે આ ત્રણેય યુવાનોના આંદોલનોને તોડી નાંખ્યા છે, જેણે આનંદીબહેન પટેલની સરકારમાં જન્મ લીધો હતો.